# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યની આગવી ઓળખ સમાન આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ 2025નો આજથી પ્રારંભ થયો.

2) નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓનાં મેન્ટર તરીકે હાલની પાંચ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાનો નિર્ણય કરાયો.

3) સુરત ખાતેથી 69 લાખ રૂપિયાનો 25 ટન ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કરાયો.

4) ડાંગ જિલ્લાની ઓપીના ભીલારે ખો-ખો વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું.

5) ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આગામી 24 કલાક હળવા વરસાદની શક્યતા.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Kite Festival –CM

રાજ્યની આગવી ઓળખ સમાન આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ 2025નો આજથી શાનદાર પ્રારંભ થયો છે. અમદાવાદનાં રિવરફ્રન્ટ પર યોજાઈ રહેલા પતંગોત્સવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ પણ પતંગ ચગાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં રાજ્યનો પતંગોત્સવ વૈશ્વિક ઓળખ બન્યું છે.

**(બાઈટ – મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

આ પ્રસંગે પ્રવાસન મંત્રી મૂળૂભાઈ બેરાએ કહ્યું હતુ કે, આ પતંગ મહોત્સવ ગરીબ પરિવારો માટે આર્થિક ઉપાર્જનનું આધાર કેન્દ્ર બન્યો છે.

વધુમાં કહ્યું હતું કે, 11થી 14 જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 12 જાન્યુઆરીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, રાજકોટ તથા વડોદરા ખાતે 13 જાન્યુઆરીએ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં 47 દેશોમાંથી 143 પતંગબાજો, ભારતનાં અન્ય 11 રાજ્યોમાંથી 52 જેટલા અને રાજ્યનાં 11 શહેરનાં 417 પતંગબાજોએ ભાગ લીધો છે.

. . . . . . . . . . . . .

# CM – Mahanagar Palika

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં રાજ્યની નવરચિત નવ મહાનગરપાલિકાઓની એક દિવસીય કાર્યશાળા યોજાઈ.

આ કાર્યશાળામાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, રાજ્યનાં ઈતિહાસમાં એક સાથે નવ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતર કરવાનો નિર્ણય શહેરી વિકાસની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓની વહીવટી ક્ષમતામાં વધારો કરવા તેમજ યોગ્ય માર્ગદર્શન માટે હાલની પાંચ મોટી મહાનગરપાલિકાઓને એક વર્ષ સુધી મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

શ્રી પટેલે વધુમાં કહ્યું કે, નવી રચાયેલી દરેક મહાનગરપાલિકાઓને વીસ કરોડ રૂપિયાની ગ્રાંટ વહીવટી ક્ષમતામાં વૃદ્ધિ અને સફાઈ સહિતનાં સિટી બ્યુટિફિકેશન કાર્યો માટે અપાશે.

તેમણે ઉમેર્યું કે નવી મહાનગરપાલિકાઓ પોતાના નગરોનાં વિકાસનો રોડમેપ તૈયાર કરે. વિકાસનાં કામો માટે નાણાંની કમી ક્યારેય ન થાય તેવું નાણા વ્યવસ્થાપન ગુજરાતે કર્યું છે.

આ કાર્યશાળામાં નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનરો, વહીવટદાર, ક્લેકટર તેમંજ અધિકારોઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# National Raksha Shakti University

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનો ચોથો દીક્ષાંત સમારોહ 13મી જાન્યુઆરીએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની ઉપસ્થિતીમાં યોજાશે. આ પ્રસંગે રાજ્યનાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ પણ ઉપસ્થિત રહેશે.

દીક્ષાંત સમારોહમાં 447 વિદ્યાર્થીઓને ડિગ્રી પ્રમાણપત્રો, ત્રણ વિદ્યાર્થીઓને પીએચડીની ડીગ્રી અને 13 જેટલાં વિદ્યાર્થીઓને તેમના અસાધારણ પ્રદર્શન બદલ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરના લવાદ દહેગામમાં આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સુરક્ષા અભ્યાસ અને સંબંધિત ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ અને તાલીમ માટે સમર્પિત છે. આ યુનિવર્સિટીનો હેતુ સમકાલીન સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે જ્ઞાન અને કુશળતાથી સજ્જ કુશળ વ્યવસાયિકો તૈયાર કરવાનો છે.

. . . . . . . . . . . . .

# Fake Ghee

સુરત ખાતેથી 69 લાખ રૂપિયાનો 25 ટન ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજ્યનાં કમિશ્નર ડૉ. એચ.જી. કોશિયાએ જણાવ્યું છે કે ઓલપાડ ખાતેથી વીર મિલ્ક પ્રોડકટસ અને આર. કે. એન્ટરપ્રાઈઝ દ્વારા ભેળસેળ યુક્ત અને બનાવટી ઘી વેચવાનું કૌભાંડ પકડાયું છે.

**(બાઇટ: ડૉ. એચ. જી. કોશિયા)**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Uttarayan Prepration - Ahmedabad

અમદાવાદ શહેરમાં ઉત્તરાયણ પર્વની શાંતિપૂર્વક ઉજવણી થાય તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

અમદાવાદ કંટ્રોલ રૂમમાં ડિસીપી રીમા મુન્શીએ વધુ માહિતી આપી...

**(બાઇટ: રીમા મુન્શી)**

. . . . . . . . . . . . .

# MAHISAGAR EMERGENCY CASE

ઉતરાયણના પર્વને પગલે મહીસાગર જિલ્લામાં સામાન્ય દિવસ કરતા ઈમરજન્સી કેસમાં વધારો નોંધાયો છે. જેને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 14 એમ્બ્યુલન્સ અને 70 જેટલા કર્મચારીને સતર્ક કરાયા છે. જિલ્લામાં ઉતરાયણ પર્વ દરમિયાન કોઈપણ ઈમરજન્સી આવે તો દરેક ઇમરજન્સીને પહોંચી વળવા 108 એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી સ્ટાફ કાર્યરત રહેશે.

. . . . . . . . . . . . .

# Dwarka Demolition

દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ દ્વારકા ખાતે તંત્ર દ્વારા આજે દબાણ હટાવ કાર્યવાહી કરાઇ હતી.

બેટ દ્વારકાના બાલાપર વિસ્તારમાં રહેણાંક તેમજ કોમર્શિયલ બાંધકામો પર એક હજારથી વધુ પોલીસ જવાનો સાથે દબાણ હટાવ કામગીરી કરવામાં આવી હતી. વધુ માહિતી આપી રહ્યા છે, દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોશી..

(બાઇટ – દ્વારકા પ્રતિનિધિ, કરણ જોશી)

. . . . . . . . . . . . .

# Dang = Kho–Kho Team

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના બીલીઆંબા ગામની ઓપીના ભીલારે ખો-ખો વર્લ્ડ કપ ટુર્નામેન્ટમા ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું છે. ઓપીના ભીલાર આગામી તારીખ 13થી 19 જાન્યુઆરી દરમિયાન દિલ્હીમાં આયોજીત, ખો-ખો વર્લ્ડકપ ટુર્નામેન્ટમા ભાગ લેશે.

ઓપીના ભીલારે રાજ્યકક્ષાની 4 સ્પર્ધાઓમા સુવર્ણચંદ્રક તેમજ રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ત્રણ રજત અને બે કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યા છે.

. . . . . . . . . . . . .

# Wether

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આગામી 24 કલાક છુટા-છવાયા હળવા વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. પવનની ગતિ પણ 10 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે અને પવનની દિશા ઉત્તર તથા ઉત્તર-પૂર્વ તરફની રહેશે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા મોટા ભાગના જિલ્લાઓમાં તાપમાન એકથી બે ડિગ્રી વધ્યું છે અમદાવાદમાં આજે 16.6 અને ગાંધીનગરમાં ૧૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયો છે

નવસારીથી અમારાં પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, જિલ્લામાં  લઘુતમ તાપમાન 13.9 ડિગ્રી અને મહત્તમ 30 ડિગ્રી નોંધાયું હતું. આ સાથે વાતાવરણમાં ૯3 ટકા ભેજનું પ્રમાણ નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# Surendranagar

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા ખાતે બે બાળકોના કૂવામાં ડૂબી જવાથી મોત થયા છે. ચુડાના છત્રીયાળા રોડ પર નદી કાઠે રહેતા એક જ પરિવારના બે બાળકો, પાંચ વર્ષની બાળકી અને સાત વર્ષનો બાળક રમતા રમતા કુવામાં પડી જતા બંને બાળકોના મોત થયા હતા. બનાવની જાણ થતા પોલીસે ઘટના સ્થળે જઈ મૃતદેહ બહાર કાઢી વધુ તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . . . .

# Idar – Arohan Avrohan

સાબરકાંઠા ખાતે રાજ્યકક્ષાની પાંચમી ઈડરિયા ગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ.

આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી 271 ખેલાડીઓ જેના 151 ભાઈઓ અને 66 બહેનોએ ભાગ લીધો હતો. પ્રથમથી દસમાં ક્રમે આવનાર વિજેતાઓને પચ્ચીસ હજારથી પાંચ હજાર સુધીનાં પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# Arijit Singh Concert - Metro

ગાંધીનગરમાં ગીફ્ટ સીટી ખાતે આવતીકાલે ગાયક અરિજિત સિંઘનાં કાર્યક્રમને ધ્યાને રાખી ગુજરાત મેટ્રો કોર્પોરેશન - GMRC એ, આવતીકાલ પૂરતો મેટ્રો ટ્રેનનાં સમય લંબાવવાનો નિર્ણય લીધો છે.

ગીફ્ટ સિટી મેટ્રો સ્ટેશનતી અમદાવાદ માટે વધારાની ટ્રેનો રાત્રે સાડા આઠ વાગે, સાડા નવ વાગે, સાડા દસ તેમજ સાડા અગિયાર વાગ્યા સુધી મળશે.

આ ટ્રેનની મહત્તમ ક્ષમતા આઠસો થી આઠસો પચાસ મુસાફરોની હોઈ, એક ટ્રેન ભરાઈ ગયા બાદ અન્ય ટ્રેન નિર્ધારીત સમય મુજબ જ ચાલશે.

. . . . . . . . . . . . .

# Kutch – Air Lines

કચ્છ જિલ્લાના ભુજ અને દિલ્હી વચ્ચે ફેબ્રુઆરીથી હવાઈ સેવા શરૂ થશે. કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, કચ્છની એન.આર.આઇ જનતાને આ સુવિધાનો લાભ મળશે. ભુજ-દિલ્હી હવાઈ સેવા દિલ્હીથી બપોરે ત્રણ વાગ્યે ઉપડી સાડા ચાર કલાકે ભુજ પહોંચશે. અને ભુજથી સાડા પાંચ કલાકે ઉપડી સાત કલાકે સાંજે દિલ્હી પહોચશે.

. . . . . . . . . . . . .